# બીજા દેશોનાં સંસાધનો કબજે કરવાનો
# નવા સંસ્થાનવાદનો પ્રારંભ

ઓપન સાયન્સ

વિન્સી મરચન્ટ

ડોનાલ્ડ ટ્રમ્પે વેનેઝુએલા પર કબજો જમાવીને ચીન, રશિયા અને અમુક ધાકડ દેશો પર ઊપકાર કર્યો છે, જે પડોશી દેશોની જમીનો પર કબજો ઈચ્છે છે. આજ સુધી સિધ્ધાંતો અને નૈતિકતાના નામે ગોરી પ્રજાના દેશ, દુનિયાનાં અન્ય દેશોને આડકતરી રીતે આગળ આવવા દેતા ન હતા. ત્રીજા વિશ્વનાં દેશોનું શોષણ કરવા તેઓ કોઈ પણ સિધ્ધાંતને કામે લગાડતા આવ્યા છે. જો યોગ્ય સિધ્ધાંત ન મળે તો નવો રચી કાઢે. ક્યારેક એ સિદ્ધાંતને ફેશન અને લોકલાગણી બનાવી દે. પરંતુ ટ્રમ્પે આવીને એ પુરવાર કર્યું છે કે જેની લાઠી એની ભેંસ. અમેરિકા આજ સુધી અન્ય દેશોની સાર્વભૌમિકતાને માન આપવાનો ચિપિયો પછાડતું આવ્યું હતું. રશિયા-યુક્રેનને, ચીન તાઈવાનને કબજે કરે તેની સામે આજ દિન સુધી બખેડા ઊભા કર્યા. હવે પોતે જ વેનેઝુએલાને કબજે લીધું છે. એક પૂતળા તરીકે ડેલ્સી રોડ્રીગ્ઝને પ્રમુખ બનાવી છે, પરંતુ ટ્રમ્પ અને સાથી મંડળ સતત એક જ રાગ આલાપી રહ્યા છે કે વેનેઝુએલાનો વહીવટ હાલમાં અમેરિકાની ઈચ્છાને આધીન હશે. અમેરિકા વેનેઝુએલામાંથી અબજો ડોલરનું તેલ, મિનરલ વગેરેનું ખનન કરશે, વેનેઝુએલાની બજારોમાં હવે માત્ર અમેરિકામાં બનેલો સામાન જ મળશે વગેરે વગેરે. ટ્રમ્પે સ્પષ્ટ કર્યું છે કે આ કબજો લાંબો સમય ચાલશે.

ડોનાલ્ડ ટ્રમ્પને પોતાને અમેરિકાનું સામ્રાજ્ય ફેલાવવાનો કોડ બીજી વખત સત્તા સંભાળ્યા બાદ પ્રચંડ માત્રામાં જાગ્યો છે. કેનેડાને અમેરિકાનું એકાવનમું મેક્સિકોને બાવનમું રાજ્ય બનાવવું છે. હજી ગ્રીનલેન્ડ પરથી નજર હટી નથી પણ વેનેઝુએલા મિશન સફળ થયુ ત્યારબાદ ત્યાં નજર સ્થિર થઈ છે. વેનેઝુએલાના શાસક નિકોલસ માદુરો લેટિન અમેરિકાના દેશોમાં આજ સુધી સત્તામાં આવેલા મોટા ભાગના નેતાઓની માફક નપાવટ હતા. આ પ્રકારની વ્યવસ્થા અનેક દાયકાઓથી ચાલી આવી છે તેની પાછળ પણ ઘણી કોન્સ્પીરસી થિયરીઓ ચાલે છે. માદુરોના જવાથી કોઈને નુકસાન થયું નથી. વેનેઝુએલા, કોલંબિયા, ઉરૂગ્વેય, પેરૂગ્વાય, એલ સાલ્વાડોર વગેરે દેશો ગરીબી, બેરોજગારીમાં વરસોથી સબડી રહ્યા છે. બાઈડેનના સમયમાં આ દેશોના લોકો હજારો કિલોમિટર પગે ચાલીને યુએસએની દક્ષિણ સરહદે પહોંચ્યા હતા અને ગેરકાનૂની રીતે અમેરિકામાં ઘૂસ્યા હતા. હવે જો પ્રમુખ ટ્રમ્પ વેનેઝુએલાને 51મું પરગાણું બનાવશે તો વેનેઝુએલાની પ્રજાને અમેરિકન બન્યાનો ઉમંગ અને આનંદ મળશે. નશીલી દવાના કારોબારીઓ, સરમુખત્યારો, અને ગેંગવોરમાંથી છૂટકારો થશે. બંને દેશોની પ્રજા રંગે રૂપે અને સ્પેનિશ ભાષાથી મળતી આવે છે. વિશ્વસુંદરીઓ પેદા કરવામાં વેનેઝુએલાનું નામ છે. કેનેડા, મેક્સિકો કે ગ્રીનલેન્ડમાં કારી નહી ફાવી તો વેનેઝુએલાને અમેરિકા સાથે જોડવાનો ફાંકો ટ્રમ્પ મારી શકશે. ગ્રીનલેન્ડ બાબતે પણ હજી સંકટ છે જ. ડેનમાર્કનો આ વિશાળ, બરફાચ્છાદિત સ્થળ પર માલિકીનો દાવો છે. ગ્રીનલેન્ડ કબજે કરવાનો પ્રયાસ થશે તો એક તરફ યુરોપ અને કેનેડા અને બીજી તરફ અમેરિકા વચ્ચે કાયમનાં તડાં પડી જશે. યુરોપને યુક્રેન યુધ્ધના અનુસંધાને આમેય સમજાઈ રહ્યું છે કે અમેરિકાના ભરોસે ટકી રહેવા જેવુ નથી. વેનેઝુએલા પરના કબજાએ યુરોપ અને ખાસ કરીને ડેનમાર્કને ડરાવી દીધા છે. વેનેઝુએલાના પડોશના કોલબિંયા અને તેલ સમૃધ્ધ ગુયાનાએ પણ અમેરિકન ધોંસથી ફફડતા રહેવું પડશે. વેસ્ટ ઈન્ડિઝ ટાપુઓ અને ફ્લોરિડા, યુએસ વચ્ચેનો ક્યુબા દેશે સામ્યવાદી શાસનનો ક્ષય રોગ ખૂબ સહન કર્યો છે. હવે સાવ ખાડે ગયું છે. અમેરિકા તેનો કબજો લેશે તો ક્યુબનો અમેરિકાનો ઊપકાર માનશે. પ્રજા તેની રાહ જોઈને બેઠી છે. પરંતુ વચ્ચે ત્રણ અડચણો આવે છે. ચીન, રશિયા અને અમેરિકન પ્રમુખની ચાર વરસ મુદ્દતની સત્તા, ટ્રમ્પ હવે ફરીથી પ્રમુખ નહીં બને. એમના વિચારોને આગળ ધપાવે એવી સત્તા અમેરિકામાં ન આવે તો ટ્રમ્પનું કર્યું કારવ્યું બધું એટલાન્ટિક અને પેસેફિકમાં જશે. વેનેઝુએલાનું લાંબા સમયનું ભવિષ્ય હાલમાં કહી શકાય નહી. અમેરિકન પ્રજાને સામ્રાજ્યવાદ ખપે છે કે નાના દેશોની સ્વતંત્રતા ખપે છે તે ચૂંટણીના પરિણામો કહેશે. પણ અમેરિકા દુનિયાના સંસાધનો અને સંપદાઓ પર એકાધિકાર સામ્રાજ્ય ઈચ્છે છે, તે પુરવાર કરી દીધું.



ટ્રમ્પ બોલ્યા છે કે, ''લાખો, કરોડો બેરલ વેનેઝુએલન ક્રૂડ વેચીને જે નાણાં મળશે તેના પર મારો કંન્ટ્રોલ, પ્રમુખ તરીકે હશે.'' ટ્રમ્પનું આ નવું ઈમ્પિરિયાલિઝમ અને જીઓપોલિટિક્સ છે. ગોરી પ્રજાએ સોનું, હીરા, ખનીજો, ધાતુઓ, કોલસા, મરીમસાલા, અનાજ, લાકડું, રબ્બર, તેલ માટે બાકીની દુનિયાને સદીઓથી ગુલામ બનાવી હતી. વીસમી સદીમાં લગભગ આ પ્રકારની વસાહતો, કોલોનીઓનો અંત આવ્યો. આ સમયમાં કોલોનાઈઝેશન સફળ ન બને, પણ પડોશના દેશનો સુખીજીવનની લાલચમાં પોતાનામાં સમાવી લેવામાં આવે તો? વેનેઝુએલા અને અમેરિકા વચ્ચે કોઈ અડચણજનક અંતર નથી. વેસ્ટન્ડિઝ ટાપુઓમાંનો એક પ્યુર્ટોરીકો પર અમેરિકાનું શાસન છે.

ટેરિફ અને વેપારના ઝઘડાઓ બાદ દુનિયાના ઘણા દેશોને હવે જાગતીકરણમાં પણ ભરોસો રહ્યો નથી. ક્યારેક પચાસ અને ક્યારેક પાંચસો ટકા મનસ્વી આયાત જકાત લાગુ પડે તો વેપાર ક્યાંથી થાય? ટ્રમ્પે વૈશ્વિકરણની ભાવનાનું જ નિકંદન કાઢી નાંખ્યું છે. જોકે પશ્ચિમનું મિડિયા આ સ્થિત માટે ચીનને જવાબદાર ગણાવે છે. તે કહે છે કે ચીને દુનિયાની દુર્લભ માટી અને ખનીજો પર એકાધિકાર અને એક હથ્થુ કાબુ જમાવ્યો તેથી ટ્રમ્પને ગ્લોબલાઈઝેશનનો મોહ ઊતરી ગયો છે. વાસ્તવમાં ચીન જાગૃત રહ્યું અને એડવાન્સમાં વ્યવસ્થા કરી, પરંતુ આફ્રિકાના કે લેટિન અમેરિકાના દેશોમાંથી અમેરિકા કે બીજા મજબૂત દેશોને રેર અર્થ મિનરલ્સ મેળવતા રોક્યા થોડા હતા? ચીને ડિફેન્સ ઈન્ડસ્ટ્રી વિકસાવી, સેમિકંડક્ટર ચીપ્સમાં અગ્રેસર બન્યું, દુનિયામાંથી કોબાલ્ટ અને નિકલ જેવી જરૂરી ધાતુઓ એકઠા કર્યા ત્યારે પશ્ચિમની ઊંઘ ઊઘડી નહીં. હવે ચીનની સરકારની મૂડીવાદી નીતિને દોષ આપવો એ પોતાની નબળાઈ ઢાંકવાનો બાળસુલભ પ્રયત્ન છે.

હવે અમેરિકા એ દિશામાં જાગૃત થયું છે અને પોતાને જરૂર નહીં હોવા છતાં પારકાનાં ક્રૂડ ઓઈલ પર કબજો જમાવે છે. મિનરલોના સંદર્ભમાં નવી ઔદ્યોગિક નીતિઓ અપનાવે છે. તો ચીન તેને રોકવા ક્યાં આવ્યું? વાસ્તવમાં રેર અર્થ મિનરલ્સ બાબતે જગતમાં ચીને સ્થાપેલા આધિપત્યનો હજી ગયા વરસમાં અમેરિકાને અનુભવ થયો ત્યારે વોશિંગ્ટનને ઝટકો લાગ્યો હતો. ત્યારબાદ ચીન પર લાદેલા ટેરિફ ઘટાડવાની ટ્રમ્પને ફરજ પડી હતી.

તાઈવાન પર કબજો કરવાથી દૂર રહેવાની અમેરિકા લાંબા સમયથી ચીનને ફરજ પાડી રહ્યું છે. હવે તે ચીનને કેવી રીતે વારશે? સૈદ્ધાંતિક હથિયાર તો બુઠ્ઠું થઇ ગયું. અમેરિકાએ ઈરાન, ઈરાક, અફઘાનિસ્તાન, પાકિસ્તાનમાં ત્રાસવાદીઓને સાફ કરવાના મિશનમાં અનેકોગણા નિર્દોષ નાગરિકોને મારી નાખ્યા હતા. પરંતુ અમેરિકાએ છાવરેલા એક ખાલિસ્તાની પન્નુને મારી નાખવાના કોઇ એક અધૂરા રહી ગયેલા ષડયંત્રમાં ભારત સરકારની પજવણી કરી હતી. હવે આખો વેનેઝુએલા કબજાવી લીધો છે. સિદ્ધાંતોને બદલે તાકાત મહત્વની બની છે. છેક 1823માં એક મોનરો ડોકટ્રેઈન અથવા નીતિ અસ્તિવત્વમાં આવી હતી. તે મુજબ અમેરિકાએ યુરોપના દેશોને લેટિન અમેરિકન દેશોમાં ચંચૂપાત કરવાથી દૂર રહેવાનું જણાવી દીધું હતું. દક્ષિણ અમેરિકા ખંડના દેશો જેવાં કે વેનેઝુએલા, આર્જેટિના, ચીલી, બ્રાઝિલ વગેરે પર માત્ર પોતાનો પ્રભાવ ચાલે તેવી અમેરિકાની નીતિ રહી છે. વચ્ચે લોકો આ નીતિને ભૂલ ગયા. ડોનાલ્ડ ટ્રમ્પે હવે તેને ફરીથી તાજી બનાવી છે. તેથી જોકમાં લોકો તેને મોનરોને બદલે ડોનરો ડોકટ્રાઈન ગણાવી રહ્યા છે.

**2014 સુધી એ નીતિ જગતમાં સ્વીકૃત ગણાતી હતી કે તમે બળ વાપરીને સરહદો બદલી શકો નહીં. જો કે આ પણ પશ્ચિમના દેશોનો એક આડંબર હતો. આજે પણ ડોનાલ્ડ ટ્રમ્પનો આગ્રહ છે કે યુક્રેન એ જમીન જતી કરે જે રશિયાએ જીતી લીધી છે. મર્મએ કે જેના હાથમાં એના મોમાં**

રશિયાએ 2014માં બળજબરીથી યુક્રેનનો ક્રિમીયા પ્રાન્ત પચાવી પાડ્યો ત્યારબાદ અમેરિકા તેને ઉદાહરણ ગણીને પોતાની નીતિ બદલી રહ્યું છે. 2014 સુધી એ નીતિ જગતમાં સ્વીકૃત ગણાતી હતી કે તમે બળ વાપરીને સરહદો બદલી શકો નહીં. જો કે આ પણ પશ્ચિમના દેશોનો એક આડંબર હતો. અમેરિકાએ 2003માં ઈરાક પર આક્રમણ કર્યું જ હતું. આજે પણ ડોનાલ્ડ ટ્રમ્પનો આગ્રહ છે કે યુક્રેન એ જમીન જતી કરે જે રશિયાએ જીતી લીધી છે. મર્મએ કે જેના હાથમાં એના મોમાં. વેનેઝુએલાનાં તેલક્ષેત્રો પર કબજો જમાવીને ટ્રમ્પ શું કરવાના છે તે નિષ્ણાતો ચોક્કસપણે નક્કી કરી શકતાં નથી. ટ્રમ્પ ત્યાં અબજો ડોલરનું મૂડી રોકાણ કરવા માટે અમેરિકન કંપનીઓને પ્રોત્સાહન આપી રહ્યા છે. ફરીથી પરવડે એવી માત્રામાં તેલ પ્રાપ્ત કરવું હશે તો પાંચ વરસ સુધી અમેરિકન કંપનીઓએ સમારકામ સવલતો વધારવા જંગી મૂડીરોકાણ કરતાં રહેવું પડશે. ધારો કે અમેરિકન કંપનીઓ વેનેઝુએલામાં મૂડી રોકાણ કરે અને વળતર મળવાની શરૂઆત થાય ત્યાં સુધીમાં તો ડોનાલ્ડ ટ્રમ્પ ઘરે બેસી જવાના છે. ઈમ્પીચમેન્ટનો ડર ખૂબ ટ્રમ્પને સતાવી રહ્યો છે. તે થાય તો વહેલા જતા રહે. કંપનીઓનું શું? ટૂંકમાં સ્થિતિ એટલી જ પ્રવાહી છે જેટલું ટ્રમ્પનું મગજ.

## ઠંડી, અંધારૂં, દારૂ, લિફ્ટ અને કમકમાટીભર્યું અપકૃત્ય

ક્રાઈમ કોડ

પ્રફુલ શાહ

જાણે અંધારું અને ઠંડી એકમેકની હોડમાં ઊતર્યાં હતાં. મહારાષ્ટ્રના લાતુરમાં 2025ની 14મી ડિસેમ્બરની રાતે દારૂના નશાની મસ્તીમાં એક શખ્સ પગપાળા ચાલી રહ્યો હતો. એ કમનસીબ જાણતો નહોતો કે એ રસ્તો ક્યાં લઈ જઈ રહ્યો હતો ને પોતે કઈ મંઝિલ પર રોકાવાનો છે. નશામાં હતો તેથી ચાલવાનો કંટાળો આવવા માંડ્યો. કદાચ ઠંડી ય કારણરૂપ હોય એટલે એની અધખુલ્લી આંખોને ખોલવાના પ્રયાસમાં એ દૂરદૂર જોવા માંડ્યો, આંખમાં ચમક આવી ગઈ અને તેણે હાથ ઊંચો કર્યો... રવિવાર, તારીખ 9 ડિસેમ્બરના આરંભિક કલાકોમાં પોલીસ હેલ્પ નંબર 112 પર સૂચના મળી કે ઔસા-બનવાડા રોડ પર એક કારમાં આગ લાગી છે. પોલીસ તરત અગ્નિશમન દળ સાથે ઘટનાસ્થળે પહોંચી ગઈ. આગ ઓલવ્યા બાદ જ કારની અંદર એક માનવ મૃતદેહ મળ્યો જે જરાય ઓળખી શકાય એવી સ્થિતિમાં નહોતો. પ્રારંભિક તપાસ બાદ ઓળખ સ્થાપિત કરવામાં મદદરૂપ થાય એ માટે DNAના નમૂના લઈ લેવાયા.

આ કાર જેના નામે રજીસ્ટર હતી એ શખ્સે જણાવ્યું કે મારા સંબંધી ગણેશ ગોપીનાથ ચવ્હાણને વાપરવા માટે આપી હતી. પરંતુ કાર સમયસર પાછી ન આવતા ફોન કર્યો તો ગણેશનો ફોન સ્વીચ ઓફ આવતો હતો. એની પાસેથી ગણેશ અને એની પત્નીના મોબાઈલ નંબર લીધા. પત્નીએ જાણકારી આપી કે શનિવારે રાતે 11.30 વાગ્યે કોઈ મિત્રને લેપટોપ આપવા માટે ઘરેથી નીકળ્યો હતો. આ ગણેશ ચવ્હાણ સ્થાનિક નાણાંકીય સંસ્થામાં રિકવરી એજન્ટ હતો. પોલીસને લાગ્યું કે કોઈક કારણસર કારમાં આગ લાગી હશે અને ગણેશ ભડથું થઈ ગયો. સંબંધી અને ખાસ તો એની પત્નીએ લાશ પરના કડા પરથી ઓળખી કાઢ્યું એ ગણેશ જ હતો. પોલીસે આને અકસ્માતનો કેસ સમજી લીધો. કુટુંબીજનોને લાશ સોંપી પણ એક શર્ત મૂકી: મૃતદેહને અગ્નિદાહ કરવાને બદલે દફનાવવાનું રાખજો અને ગણેશ ગોપીનાથ ચવ્હાણના દુનિયાદારીનું ખાતું જાણે બંધ થઈ ગયું.

એવું સૌને લાગ્યું પણ પોલીસને ક્યાંક કંઈક ખૂંચતું હતું. ગણેશ ચવ્હાણના મોબાઈલ ફોનના સીડીઆર (કોલ ડિટેઈલ રેકોર્ડ્સ) અને લોકેશન પર ધ્યાન અપાયું: એના એક ફોનની આસપાસ સતત એટલે કે કાયમ એક બીજો નંબર રહેતો હતો. અકસ્માત વખતે એની સાથે કોઈ હતું? તો એની લાશ ક્યાં? એ નંબરવાળો જીવતો બચી ગયો હતો ભાગી શા માટે ગયો? કુછ તો ગરબડ હૈ, જરૂર ગરબડ હૈ.

બીજા મોબાઈલ નંબરની વધુ ખણખોદ કરતા જે સચ્ચાઈ પ્રગટ થઈ એનાથી પોલીસને આંચકો ય લાગ્યો ને હસવું ય આવ્યું. એ નબંર તો ખુદ ગણેશ ચવ્હાણનો જ હતો. હવે પોલીસ એ નંબરની કુંડળી કાઢવા માંડી. એ નંબર હજી સક્રિય હતો. જો ગણેશ ચવ્હાણનું 'રામનામ સત્ય હૈ' થઈ હોય તો એ ફોન લઈને કોણ ફરી રહ્યું છે? પોલીસે એ નંબરના મેસેજ ટ્રેસ કર્યા તો આંખમાં રમતિયાળ ચમક આવી ગઈ અને હોઠ સીટી વગાડવા માંડ્યા. ગણેશ ચવ્હાણ અકસ્માત અગાઉ કોઈ પ્રેમિકા સાથે મીઠી-મીઠી વાતો કરતો હતો. આશ્ચર્યજનક રીતે એ પ્રેમાલાપ અકસ્માત બાદ પણ ચાલતા હતા. એ નંબર પર પ્રેમિકા સાથે લાંબી વાત સુધ્ધાં ચાલુ હતી! યે ક્યા હો રહા હૈ? એ સવાલ સાથે પોલીસ કમર કસીને એકદમ સક્રિય થઈ ગઈ અને...



**ગણેશ ચવ્હાણ અકસ્માત અગાઉ કોઇ પ્રેમિકા સાથે મીઠી-મીઠી વાતો કરતો હતો. આશ્ચર્યજનક રીતે એ પ્રેમાલાપ અકસ્માત બાદ પણ ચાલતા હતા. એ નંબર પર પ્રેમિકા સાથે લાંબી વાત સુધ્ધાં ચાલુ હતી! યે ક્યા હો રહા હૈ?**

પોલીસના જાદુથી 35 વર્ષનો મૃત જાહેર કરાયેલો ગણેશ ચવ્હાણ જીવતો હાજર થયો! એના વિલાપ કરતા પરિવારને ય પોતાની આંખ-કાન પર વિશ્વાસ ન બેઠો. પોલીસે આ મેજિક પાછળનો ભેદ ખોલવાની શરૂઆત કરી. ગણેશ ચવ્હાણ આર્થિક ભીડમાં હતો. મુંબઈ અને લાતુરમાં ફ્લેટ ખરીદવા માટે રૂા. 97 લાખનું દેવું કર્યું હતું. પત્ની અને પ્રેમિકાના અંગત ખર્ચાએ માજા મૂકતા એ દેવું વધતું જતું હતું. આ ચિંતાને પગલે એના મગજમાં શૈતાને ઘૂસણખોરી કરી. દેવાના દબાણમાંથી છૂટવા એ ગમે તે કરવા તૈયાર હતા. આમાં મોકો મળ્યો શનિવારે રાતે.

નશામાં ધૂત 50 વર્ષીય ગોવિંદ યાદવ રાતના અંધારામાં એની પાસે લિફ્ટ માંગી. તરત કંઈક વિચારીને ગણેશે તેને અંદર બેસાડી દીધો. રસ્તામાં એક ઢાબુ આવતા ગણેશ માટે નોનવેજ ખાવાનું બંધાવી લીધું અને વધુ થોડો દારૂ લીધો. બંને ગોવિંદને આપીને એ ગાડી ચલાવવા માંડ્યો. પણ વારંવાર તીરછી નજરે જોઈ લેતો હતો. ખાઈ-પીને ગોવિંદને ઊંઘ આવી ગઈ. થોડે દૂર યોગ્ય સ્થળ દેખાતા ગણેશ પોતે ગાડીમાંથી ઊતરી ગયો. ગોવિંદને ખેંચીને ડ્રાઈવરની સીટ પર બેસાડ્યો. સીટ બેલ્ટ બાંધી દીધો. પછી ગાડીમાં તે ખાસ ગોવિંદ પર પેટ્રોલ છાંટ્યું. બાજુમાં પ્લાસ્ટિકની થેલીઓ મૂકી દીધી. ગાડી પર પણ પેટ્રોલનો છંટકાવ કર્યો ને પછી પેટ્રોલની ટાંકી ખુલ્લી મૂકી દીધી. હા, યાદ કરીને પોતાનું કડું ગોવિંદને પહેરાવી દીધું. પછી કારને આગ ચાંપીને જાણે કંઈ બન્યું ન હોય એમ એ ઉતાવળે પગલે ચાલવા માંડ્યો.

જીવન વિમાને મોતની ગેરન્ટી બનાવી દેનારા ગણેશ ચવ્હાણને ગળા સુધી ખાતરી હતી કે આગ અકસ્માતમાં ખપી જશે. પોતાનો એક કરોડનો વીમો પાકી જશે. એ રકમમાંથી દેવું ઉતારીને એકદમ નિરાંતે અને મસ્તીથી જીવી શકાશે. પત્નીને કોઈ જાણ નહોતી એટલે એ રડતી હતી સતત. બીજી તરફ ગોવિંદને જીવતો બાળી નાખનારો ચવ્હાણ સૌથી પહેલા કોલ્હાપુર અને પછી સિંધુદુર્ગ જિલ્લાના વિજયદુર્ગ ભાગી ગયો પરંતુ એના બીજા ફોન, પ્રેમિકા સાથેના વાર્તાલાપ, કોલરેકોર્ડ્સ, લોકેશન અને બેંક ટ્રાન્ઝેકશન્સની વિગતો મળતા પોલીસને ગંધ આવી.

બિચારા ગોવિંદ યાદવે કાશ ગણેશ ચવ્હાણ પાસે એ રાતે લિફ્ટ ન માંગી હોત તો?

## પાર્ટી પ્રધાનની સીટ પર કોંગ્રેસ કોને બેસાડશે?



ઈધર-ઉધરકી

આરતી જેરથ

કોંગ્રેસ પાર્ટીમાં હાલમાં ચાલી રહેલા ફેરફારોને જોતા, ટોચના નેતૃત્વમાં મોટા બદલાવ આવી શકે છે એવી ચર્ચા છે. એવું કહેવાય છે કે કોંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેનું સ્વાસ્થ્ય બરાબર નથી અને તેમણે પોતાની જવાબદારીમાંથી મુક્તિ માંગી છે. બીજા મહત્વના નેતા, જનરલ સેક્રેટરી (ઓર્ગેનાઇઝેશન) કે.સી. વેણુગોપાલ, જે રાહુલ ગાંધીના ખાસ સાથી છે, તેઓ કેરળ જવા માંગે છે કારણ કે ત્યાં આવનારી વિધાનસભા ચૂંટણીમાં તેમને મુખ્યમંત્રી પદના ઉમેદવાર તરીકે લોકો સાથે જોડાવાનો પ્રયાસ કરી શકે. આ બધા વચ્ચે, સૂત્રો કહે છે કે રાહુલ ગાંધી પર ફરીથી પાર્ટી પ્રમુખ બનવાનું દબાણ છે. પણ તેઓ તેના માટે તૈયાર નથી. એક વિકલ્પ એ છે કે ખડગે પ્રમુખ રહે અને સચિન પાયલટને વર્કિંગ પ્રેસિડેન્ટ બનાવીને રોજિંદા કામકાજ સોંપવામાં આવે.

બીજો વિકલ્પ છે કે રાહુલ ગાંધી પ્રમુખ બને અને વેણુગોપાલની જગ્યાએ સચિન પાયલટને જનરલ સેક્રેટરી (ઓર્ગેનાઇઝેશન) બનાવવામાં આવે. વેણુગોપાલ ત્યારે કેરળ જઈને ચૂંટણી લડી શકે. આ પદ ખૂબ મહત્વનું છે કારણ કે પ્રમુખ પછી પાર્ટીમાં બીજા નંબરનું સ્થાન છે. જો સચિન પાયલટ જેવા યુવા અને એનર્જેટિક નેતા આ પદ પર આવે તો રાહુલ ગાંધીને મુક્તપણે દેશભરમાં ફરીને લોકો સાથે જોડાણ કરવાના કાર્યક્રમો કરવામાં સરળતા રહે.

આ બધા પ્રસ્તાવો પર અંતિમ નિર્ણય 14 જાન્યુઆરીએ મકર સંક્રાંતિ પછી લેવાશે, કારણ કે તે પછી અશુભ સમયગાળો પૂરો થશે.

## 8 જજમેન્ટ ઉલટાવવાથી સુપ્રીમ કોર્ટની સત્તાને ખતરો



2025માં સુપ્રીમ કોર્ટે એક વર્ષમાં પોતાના 8 જજમેન્ટને ઉલટાવી દીધા, જે એક અસાધારણ રેકોર્ડ છે. આ વાતને બે વર્તમાન સુપ્રીમ કોર્ટના જજોએ ચિંતાજનક ગણાવી છે અને ચેતવણી આપી છે કે જો આવું ચાલુ રહ્યું તો કોર્ટની ઓથોરિટી એટલે કે સત્તા અને વિશ્વસનીયતા પર ખતરો આવી શકે છે.

જે કેસોમાં જજમેન્ટ ઉલટાવવામાં આવ્યા તેમાંથી કેટલાક આ પ્રમાણે છે: દિવાળી પહેલાં ગ્રીન ફટાકડા પરનો વિવાદાસ્પદ આદેશ, જેને વર્ષની શરૂઆતમાં કોર્ટે પ્રતિબંધિત કર્યા હતા, તેને મંજૂરી આપવામાં આવી.

અરાવલી પહાડીઓમાં ખાણકામ પરનો આદેશ પણ કોર્ટે પોતે જ રોકી દીધો. આ આશ્ચર્યજનક હતું કારણ કે પ્રતિબંધ હટાવ્યાના થોડાં અઠવાડિયાં પછી જ આ સ્ટે આવ્યો.

સપ્ટેમ્બરમાં મે મહિનાના એક આદેશને ઉલટાવી દેવાયો, જેમાં ભૂષણ પાવર એન્ડ સ્ટીલની ઇન્સોલ્વન્સીના કારણે થયેલી એક્વિઝિશન રદ કરવામાં આવી હતી.

દિલ્હીની શેરીઓમાંથી રખડતા કૂતરાઓને અસ્તિત્વમાં ન હોય તેવા આશ્રયસ્થાનોમાં મોકલવાનો આદેશ પણ થોડાં અઠવાડિયાંમાં બદલી નાખવામાં આવ્યો.

કાયદા નિષ્ણાતોને સૌથી વધુ નવાઈ લાગી રહી છે તે આ ઉલટફેરની ઝડપ છે. બધા જ જૂના આદેશોને મહિનાઓની અંદર જ બદલી દેવામાં આવ્યા છે, જેનાથી લોકોને તાજેતરના જજમેન્ટની મજબૂતાઈ પર પણ સવાલ ઊઠી રહ્યા છે.

## બળાત્કારી રામ રહીમ ફરી પાછો પેરોલ પર બહાર



વિવાદાસ્પદ ડેરા વડા રામ રહીમને બળાત્કાર અને ખૂનના આરોપમાં દોષી ઠર્યા પછી પણ 20 વર્ષની જેલની સજા હોવા છતાં તેમનું જીવન ખૂબ સુખી અને આરામદાયક ચાલી રહ્યું છે. તે 8 વર્ષમાં 15મી વખત પેરોલ પર બહાર આવ્યો છે. તાજેતરની પેરોલ માત્ર 6 મહિના પહેલાં મળેલી પેરોલ પછી આવી છે, જ્યારે તેમના 58મા જન્મદિવસ નિમિત્તે 40 દિવસ માટે જેલમાંથી છોડવામાં આવ્યા હતા.

રામ રહીમના હરિયાણા અને ઉત્તર પ્રદેશમાં ભાજપ સાથે મજબૂત રાજકીય સંબંધો છે. ચૂંટણીના સમયે તેમના લાખો અનુયાયીઓના કારણે તેઓ પાર્ટી માટે ઉપયોગી થઈ પડે છે. તેમણે લોકસભા ચૂંટણીમાં ભાજપ માટે પ્રચાર કર્યો હતો અને પોતાના અનુયાયીઓને ભાજપને વોટ આપવાનો આદેશ આપ્યો હતો. આશ્ચર્યની વાત એ છે કે દોષી ઠર્યા અને જેલની સજા થયા પછી પણ તેમના અનુયાયીઓ તેમની પૂજા કરવાનું ચાલુ રાખે છે.

આ નવી પેરોલ સાથે, 2017માં દોષી ઠર્યા પછીના 8 વર્ષમાં રામ રહીમ જેલની બહાર કુલ એક વર્ષથી વધુ સમય વિતાવી ચૂક્યા છે. 2016માં જ્યારે તેમની ધરપકડ કરવામાં આવી ત્યારે મોટો હોબાળો થયો હતો. તેમના અનુયાયીઓએ હરિયાણાના પંચકુલામાં ઘણા દિવસો સુધી હુલ્લડો કર્યાં હતાં, જ્યાં તેમનો આશ્રમ છે. પોલીસે આશ્રમ પર દરોડો પાડ્યો ત્યારે ત્યાંથી મોટી માત્રામાં હથિયારો, દારૂગોળો અને આયાતી મોંઘી કાર જેવી વૈભવી વસ્તુઓ મળી આવી હતી.

